**સ્વપ્ન – દિશા – રાહ –રાહબર – પ્રગતિ સાથે – નવો પંથ – નવો પ્રારંભ**



**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ**


# દૂધસાગર પત્રિકા

અંક - ૧૨ | વર્ષ - ૨ | જૂન - ૨૦૨૩ www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## પરસેવાની પૂજા કરતો ભૂભાગ

**વંદનની ભૂમિ – અભિનંદન ની ભૂમિ**

**દૂધસાગર ડેરી**




| તમામ આંકડાઓ વર્ષ 2023 પ્રમાણે | |
|---|---|
| ગ્રામ્ય કક્ષાએ દૂધ મંડળીઓ ધરાવતા ગામોની સંખ્યા | 1203 |
| દૂધમંડળીઓ ઉપર લાગેલા બલ્કકૂલરની કુલ સંખ્યા | 756 |
| ગ્રામ્ય કક્ષાએ કાર્યરત દૂધમંડળીઓના સ્થાનિક કર્મચારીઓની કુલ સંખ્યા | 4676 |
| દૂધસાગર ડેરીના કુલ દૂધ ઉત્પાદકોની સંખ્યા (અંદાજિત) | 521165 |
| દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં કુલ મહિલા દૂધ ઉત્પાદકોની સંખ્યા (અંદાજિત) | 276212 |
| દૂધસાગરના કાર્યક્ષેત્રમાં કુલ દૂધાળાં પશુઓની સંખ્યા (અંદાજિત) | 1238861 |
| દૂધસાગરના કુલ વેટરનરી સેન્ટર (પશુ દવાખાના) | 14 |
| દૂધસાગર ડેરીના કુલ શીતકેન્દ્રો | 05 |
| દૂધસાગર ડેરીની કુલ કેટલફીડ ફેક્ટરીઓ (સાગરદાણ) | 02 |
| દૂધસાગર ડેરીના સિમેન સ્ટેશન | 01 |

## જૂના મહેસાણા જિલ્લાની ઓળખ

## આપણી ડેરી - સૌની ડેરી

**દૂધસાગર ડેરી : *The Pride Of India***

## દૂધસાગર હવે દિલ્હીમાં અમૂલના ઉત્પાદનો વેચશે






અમૂલ ફેડરેશનના સહયોગ અને અભૂતપુર્વ સાથ સહકારથી મહેસાણા જિલ્લાની ઓળખ સમાન આપણી દૂધસાગર ડેરી દ્વારા દેશની રાજધાની દિલ્હીના વિવિધ વિસ્તારોમાં ગ્રાહકોને અમૂલના તમામ ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવા હેતુથી અમૂલ મિલ્ક બુથ રીટેલ શોપની શૃખંલા સ્થાપિત કરવાની શુભ શરૂઆત તાજેતરમાં તા.૧૯ મે ના રોજ અમૂલ ફેડરેશનના મેનેજીંગ ડિરેક્ટર શ્રી. જયેનભાઈ મહેતાના વરદ્હસ્તે કરવામાં આવી હતી. દિલ્હીના બજારમાં અમૂલ રીટેલ શોપની વિવિધ શાખાઓ ઉભી કરી દૂધસાગર ડેરી અમૂલની વિશ્વસનીયતાના આધાર ઉપર દૂધ અને દૂધ આધારિત ઉત્પાદનોનું વેચાણ કરી મહેસાણા દૂધસંઘના અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે તેવો આ તબક્કે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે; મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા નજીકના ભવિષ્યમાં દિલ્હીના નહેરૂ વિહાર, રોશનનારા બાગ નર્સરી, રોશનનારા બાગ ગેટ નંબર ૩, મોરિગેટ, બનારસી દાસ એસ્ટેટ, SFS ફ્લાય ઓવર બ્રિજ, અશોક વિહાર રોડ અને ગાંધીવિહાર વિસ્તારમાં આ રીટેલ શોપનું સંચાલન કરશે.

## મોતીસાગર ડેરી હવે મીઠાઈના ઉત્પાદનમાં

### અશોક ચૌધરીના શુભહસ્તે 45 દિવસ સુધી ના બગડે તેવી મીઠાઈની મશીનરી કાર્યાવિંત કરાઈ




મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. દ્વારા દિલ્હી નજીક ધારૂહેડા ખાતેની દૂધ મોતીસાગર ડેરીના તમામ સંશાધનો તથા ઉપલબ્ધ સગવડોનો વધુમાં વધુ ઉપયોગ કરી આ પ્લાન્ટની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતાનો સદ્ઉપયોગ કરવાનો પ્રયાસ હાલમાં ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી ના નેતૃત્વ હેઠળનું નિયામક મંડળ અને MD શ્રી. ધીરજકુમાર તથા ઉચ્ચ અધિકારીઓ ચારે તરફથી કરી રહ્યા છે. જેના ભાગરૂપે ગત તા.૧૮ મે ગુરૂવારના રોજ મહેસાણા દૂધસાગર ડેરીના દૂરંદેશી ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરી દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ૪૫ દિવસ સુધી ન બગડે તેવા મીઠાઈ પેકીંગના મશીનને કાર્યાવિંત કરી દેવામાં આવ્યું છે. દૂધ મોતીસાગર ડેરીમાં સ્થાપિત આ અત્યાધુનિક પ્લાન્ટમાં રોજનો ૫૦૦ કિલો દૂધનો માવો, ૫૦૦ કિલો પેંડા, ૫૦૦ કિલો કાજુકતરી સહિત અન્ય મીઠાઈઓનું ઉત્પાદન થાય છે. આ મીઠાઈઓ આગામી ૪૫ દિવસ સુધી બગડે નહીં તે પ્રકારનું પેકિંગ કરી દિલ્હીના માર્કેટમાં વેચાણ શરૂ કરવામાં આવ્યું છે.

## મહેસાણા દૂધસંઘ દ્વારા અમલમાં મુકાયેલ ગર્ભપ્રત્યારોપણ કાર્યક્રમની સફળતા

# આ ગાભણ થયેલી ગાયો ઉત્તમ ઓલાદની વાછરડીઓને જન્મ આપશે



ચૌધરી ભરતભાઈ નાથાભાઈ
પામોલ (વિજાપુર)
કડી નં.૩૪૦૧૨૮૩૭૭૮૦૭
મો.૯૮૨૫૧૨૪૫૧૮



પટેલ ગોવિંદભાઈ સાંકાભાઈ
હાથીપુરા (વિજાપુર)
કડી નં.૧૦૨૧૭૩૩૮૧૫૦૨
મો.૯૪૨૮૮૫૨૮૦૯



પટેલ તુલસીભાઈ સાંકાભાઈ
ફલુ (વિજાપુર)
કડી નં.૧૦૨૧૭૩૪૨૯૧૦૮
મો.૯૭૨૩૨૦૪૪૪૨



પટેલ પરેશભાઈ અમૃતભાઈ
હીરપુરા (વિજાપુર)
કડી નં.૩૪૦૧૧૩૧૬૮૮૧૫
મો.૯૯૧૩૬૮૮૮૫૬



ચૌધરી મહેશભાઈ હરીભાઈ
ચિત્રોડીપુરા (વિસનગર)
કડી નં.૧૦૨૧૭૩૨૬૭૫૬૪
મો.૬૩૫૧૨૧૫૪૨૦



પટેલ સોનલબેન નિરવભાઈ
હાથીપુરા (વિજાપુર)
કડી નં.૧૦૦૩૩૨૬૪૦૦૪૧
મો.૯૬૨૪૮૭૫૬૦૧

દૂધસાગર ડેરી દ્વારા પોતાના કાર્યક્ષેત્રની ૩૬ મંડળીઓમાં પ્રાયોગિક અને પ્રાથમિક તબક્કે એમ્બ્રીયો ટ્રાન્સફર યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં કુલ ૨૫૨ જાનવરો ઉપર એમ્બ્રીયો ટ્રાન્સફરની વૈજ્ઞાનિક પધ્ધતિનો અમલ કરવામાં આવશે. શરૂઆતના આ તબક્કે આ પધ્ધતિથી અમૂક જાનવરોની તપાસ કરતાં પ્રાથમિક ધોરણે હાલમાં ૪૦ જેટલાં જાનવરો ગાભણ થયા હોવાનું માલૂમ પડેલ છે. એમ્બ્રીયો ટ્રાન્સફર એક એવી વૈજ્ઞાનિક શોધ અને સંશોધન છે જેનાથી પેદા થનાર પાડી અથવા વાછરડી જન્મથી જ સ્વસ્થ અને આવનાર ભવિષ્યમાં ઉત્તમ દૂધ ઉત્પાદન આપી શકે તેવી સંભાવનાઓ પ્રબળ બની જાય છે. હાલમાં, દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગ દ્વારા કાર્યક્ષેત્રના બધા જ વિસ્તારોમાં આ વૈજ્ઞાનિક પધ્ધતિનો પશુપાલકો વધુમાં વધુ લાભ લે તે પ્રકારની કાર્યપ્રણાલી અપનાવવામાં આવી છે. હાલ આ પધ્ધતિથી ગાભણ થનારા બીજા જાનવરોની ગર્ભ તપાસની કામગીરી ચાલુ છે.

# અગાઉ રાજસ્થાન ખાતે ભાડાના પ્લાન્ટમાં થતા પાવડર ઉત્પાદનના આંધળા ખર્ચ ઉપર અંકૂશ એટલે

# દૂધસાગર નો નવો પાવડર પ્લાન્ટ

# ભીંત સોસરવું ભાળવું !!



સમયને ઓળખવો - સમયની જરૂરીયાતને સમજવી અને આવનાર સમયને આપણી સાથે કદમતાલ મિલાવતો કરવા માટે સૌથી પહેલાં આપણે એ સમયના આવતાં પહેલાં એના પ્રવાહને જાણી લેવો જોઈએ દૂધસાગરના નવા નિયામક મંડળે આ વર્ષે આવું જ એક મનોમંથન આવનાર સમયને ઓળખવા માટે કર્યુ હતું. જેના ફળ સ્વરૂપ આજે એક નૂતન પાવડર પ્લાન્ટ - દૂધસાગરના નૂતન ભવિષ્યને ઉજળું કરવા મહેસાણા ડેરીના કેમ્પસમાં આકાર લઈ રહ્યો છે !

દેશની સેનાની જરૂરીયાત અને જે તે સમયના પડકારને પહોંચી વળવા માટે આપણી ડેરીએ ૧૯૭૨ માં સૌથી પહેલાં પહેલ કરીને પાવડર પ્લાન્ટ સ્થાપિત કર્યો હતો. ત્યારબાદ, ૧૯૭૪ માં બીજા પાવડર પ્લાન્ટને ઉભો કરવામાં આવ્યો હતો. માણસને જેમ વૃધ્ધાવસ્થા આવે છે તેમ મશીનની પણ એક ઉંમર હોય છે ! સમયની સાથે ટેક્નોલોજી નવા વિજ્ઞાન સાથે નવી દિશામાં આગળ વધતી રહી અને દૂધના પાવડરના ધારાધોરણોમાં પણ ફેરફાર થતો ગયો. આપણા ભૂતકાળના દૂધ સંપાદનમાં પણ સમય સાથે વધારો થતો ગયો અને વસ્તી વધારો સાથે અન્ય અનેક પરિમાણોના કારણે દૂધના પાવડરની માંગ પણ વિશ્વમાં વધી ગઈ છે. આવા સંજોગોમાં આજે ૫૦ વર્ષના થયેલા આપણા બંને પાવડર પ્લાન્ટ સમયને અનુરૂપ બદલાવ માગી રહ્યા છે : નવા પાવડર પ્લાન્ટની દૂધસાગર ડેરીને શા માટે જરૂરીયાત પડી ... આવો તેની હકીકતની વાસ્તવિક ધરતી ઉપર તપાસ કરીએ :

| ક્રમ | પાવડર પ્લાન્ટ | સ્થાપના વર્ષ | હાલની દૈનિક ક્ષમતા |
|---|---|---|---|
| ૧ | N1 | ૧૯૭૨ | ૩૦ મે. ટન |
| ૨ | N2 | ૧૯૭૪ | ૩૦ મે. ટન |
| ૩ | N3 | ૧૯૮૩ | ૪૦ મે. ટન |
| ૪ | N4 | ૧૯૯૧ | ૪૦ મે. ટન |

દૂધસાગર ડેરીના જુના પાવડર પ્લાન્ટ જે અલગ અલગ વર્ષોમાં ઉભા કરવામાં આવ્યા હતા તે બધા પ્લાન્ટ સરેરાશ ૩૦ વર્ષથી ૫૦ વર્ષ જૂના થઈ જવા પામ્યા છે અને હાલ આપણે હાઈ રીસ્ક (ભારે જોખમ) વચ્ચે ચલાવી રહ્યા છીએ. આજે આ જૂના પાવડર પ્લાન્ટોમાં બનતો પાવડર માર્કેટની હરીફાઈ પ્રમાણે ખર્ચની દ્રષ્ટિએ આપણને પોષાય તેમ નથી. વળી, આંતરરાષ્ટ્રીય બજારોમાં ટકી રહેવા માટે જે ધારાધોરણો હોવા જોઈએ તે ધારાધોરણો જૂની ટેક્નોલોજીના પાવડર પ્લાન્ટ આપણને આપી શકતા નથી.

વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં આપણે આશરે ૪ લાખ મેટ્રીક ટન પાવડર આપણા આ જૂના પાવડર પ્લાન્ટોથી બનાવ્યો છે. અને, વહિવટીય ગણિત થી જોઈએ તો તેનો ખર્ચ પ્રતિકીલો ગ્રામ ૨૮ રૂપિયા થવા પામ્યો છે. નૂતન તૈયાર થતા પાવડર પ્લાન્ટમાં આ દૂધનો પાવડર બનાવવામાં આવશે આપણને માત્ર પ્રતિ કીલોગ્રામ ૧૮ થી ૨૦ રૂપિયાનો જ ખર્ચ થશે અને **આ રીતે આ નવો પાવડર પ્લાન્ટ ક્રિયાવંત થતાં જ આગામી દશ વર્ષના ગાળામાં આશરે ૪૦૦ કરોડ રૂપિયા જેટલી જ બચત થશે. ઉપરાંત, અન્ય પાર્ટીઓ પાસે કન્વર્ઝન ના કરાવતાં બીજા રૂપિયા ૨૦૦ કરોડની બચત થશે.**

| ક્રમ | વર્ષ | ભાડાના પ્લાન્ટોમાં પ્રોસેસ કરેલ દૂધનો જથ્થો | પાવડર મેટ્રીક.ટન | ચૂકવેલ નાણા (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૫,૦૮,૯૩,૫૦૦ કિલો | ૪૮૪૭ | ૨૧.૮૧ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૩૮,૧૧,૫૦૦ કિલો | ૩૬૩ | ૧.૬૩ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૧,૪૪,૫૮,૫૦૦ કિલો | ૧૩૭૭ | ૬.૧૯ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૨,૫૩,૨૬,૦૦૦ કિલો | ૨૪૧૨ | ૧૦.૮૬ |
| ૫ | ૨૦૧૬-૧૭ | ૪,૮૭,૪૧,૦૦૦ કિલો | ૪૬૪૨ | ૨૦.૮૯ |
| ૬ | ૨૦૧૭-૧૮ | ૮,૮૧,૨૬,૫૦૦ કિલો | ૮૩૯૩ | ૩૭.૭૭ |
| ૭ | ૨૦૧૮-૧૯ | ૫,૧૭,૯૬,૫૦૦ કિલો | ૪૯૩૩ | ૨૨.૨૦ |
| ૮ | ૨૦૧૯-૨૦ | ૩,૩૪,૦૦,૫૦૦ કિલો | ૩૧૮૧ | ૧૪.૩૧ |
| ૯ | ૨૦૨૦-૨૧ | ૧,૬૨,૨૨,૫૦૦ કિલો | ૧૫૪૫ | ૬.૯૫ |
| ૧૦ | ૨૦૨૧-૨૨ | ૨,૭૫,૭૩,૦૦૦ કિલો | ૨૬૨૭ | ૧૧.૮૩ |
| | કુલ | ૩૯,૦૩,૩૯,૦૦૦ કિલો | ૩૪૩૧૯ | ૧૫૪.૪૪ કરોડ |

ડેરી ઉધોગમાં દૂધના વિતરણ અને વિવિધ પ્રોડક્ટસ્ બનાવ્યા બાદ દૂધને પાવડરમાં તબદીલ કરવો આવશ્યક છે. ખાસ કરીને, ઓક્ટોબર થી માર્ચ સુધીની સીઝનમાં ! આ માટે, **અન્ય પાર્ટી પાસે એક કિલોગ્રામ SMP પાવડર બનાવવા માટે ૧૦.૫ કિલોગ્રામ દૂધ વપરાય છે. આ દૂધ અગાઉ રાજસ્થાન ખાતેના ભાડાના પાવડર પ્લાન્ટોમાં મોકલવાનો ખર્ચ જોઈએ તો : પ્રતિ/કિ.ગ્રા દૂધ ઉપર ૨.૧૯ રૂપિયાનું ભાડું તથા ૨૩ રૂપિયાનો ખર્ચ અને ૨૨ રૂપિયા કન્વર્ઝન ચાર્જ મળીને ૪૫ રૂપિયા જેટલો ખર્ચ થાય છે.** દૂધસાગર ડેરીનો પોતાનો આધુનિક પ્લાન્ટ કાર્યવંત થવાથી આ ખર્ચ બચી જવા પામશે. બહારના ખાનગી પ્લાન્ટમાં પાવડર બનાવવાનું બંધ થવાથી રૂપિયા ૨૩ જેટલો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ બચવાથી પીક સીઝનમાં દરરોજ ૧૦ લાખ રૂપિયાની બચત થશે. આ ઉપરાંત, આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિથી (રોબોટીક સાયન્સ અનુરૂપ) આ પાવડર પ્લાન્ટમાં દૂધનો પાવડર આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ બનશે અને જૂના પાવડર પ્લાન્ટ કરતાં ખૂબ ઓછા માણસો (મેનપાવર) તે પાવડર પ્લાન્ટને ચલાવી શકશે. **પાવડર પ્રોડક્શનનો ખર્ચ રૂા.૨૮ થી ઘટીને રૂા. ૨૦ જેટલો થતાં દૈનિક રૂા.૮ લાખની બચત થશે અને હાલનો સ્ટોક લોસ જે રોજનો ૧.૫ ટકા છે તે ઘટીને ૦.૫ ટકા થવાથી દૈનિક રૂા. ૧.૫ લાખની બચત થશે.**

દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસિએશન

## પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપવા દૂરડા હવે સૂસજ્જ પશુલોન

# પ્રામાણિકતાને પ્રોત્સાહન

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ની ભગીની સંસ્થા દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસિએશન (દૂરડા) દ્વારા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા સમગ્ર મહેસાણા જિલ્લા - પાટણ જિલ્લા અને ગાંધીનગર વિસ્તારમાં પશુપાલનનો વ્યવસાય ફૂલે ફાલે તથા આ વિસ્તારના ખેડૂતો અને પશુપાલકો પોતાના વંશ પરંપરાગત આ વ્યવસાયને નવી સમૃદ્ધિ તરફ આગળ લઈ જઈ શકે અને તેનાથી સ્વરોજગારી ઉભી થાય તેવા હેતુથી દૂરડા દ્વારા પશુપાલનને યોજના તાજેતરમાં અમલમાં મૂકવામાં આવી છે.





આ યોજના અંતર્ગત મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્ર સાથે જોડાયેલી દૂધ મંડળીમાં નિયમીત દૂધ ભરાવતાં દૂધ ઉત્પાદકો માટે ગાય - ભેંસ ખરીદવા માટે દૂરડા દ્વારા લોન આપવામાં આવશે. દૂરડાની આ પશુ લોન યોજના હેઠળ લાભાર્થી ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ ૫૦ ગાય - ભેંસ ખરીદી માટે લોન અંગેની અરજી કરી શકશે. આ યોજના હેઠળ એક ગાય માટે વધુમાં વધુ રૂ. ૭૫૦૦૦ અને ભેંસ માટે વધુમાં વધુ રૂા. ૧૦૦૦૦૦ લોન પેટે દૂરડા દ્વારા મેળવી શકશે. આ યોજનામાં લોનનો વ્યાજ દર ૯% રાખવામાં આવેલો છે તથા લોનની અવધી (મુદત) ૨ વર્ષ માટેની રહેશે. આ યોજનામાં સમયસર લોનના હપ્તા ભરપાઈ કરનાર પશુપાલક લાભાર્થીને દૂરડા તરફથી લોન ભરપાઈને અંતે ૧% વ્યાજ સહાય આપવામાં આવશે. દૂરડા દ્વારા રજૂ કરવામાં આવેલી આ પશુ લોન યોજનામાં લોનની રકમ સંઘ દ્વારા મંડળીમાં જમા થાય છે આ વખતે કેસ દીઠ રૂા.૧૦૦૦ મંત્રીને આપવામાં આવે છે તેમજ લોન ભરપાઈ થયેથી રૂા.૧ લાખની લોન દીઠ રૂા.૨૫૦ અથવા તેના પ્રમાણમાં દૂરડા માંથી પ્રોત્સાહન રૂપે આપવામાં આવશે.

દૂરડાની આ પશુ લોનનો લાભ લેવા માગતા પશુપાલક દૂધ ઉત્પાદકે સ્થાનિક દૂધ મંડળીમાંથી અરજી ફોર્મ મેળવી તમામ વિગતો સાથે દૂધસાગરના CS વિભાગ મારફત દૂરડાને મોકલી આપવાનું રહેશે. દૂધ ઉત્પાદકે આ સાથે પોતાની હયાત ગાય - ભેંસ ના આંકડા કડી નંબર (TAG NO.) સાથે આપવાના રહેશે. આ સાથે લોન લેવા ઈચ્છુક દૂધ ઉત્પાદકે પોતાની હયાત ગાય - ભેંસ ના બે વર્ષ દરમ્યાન મંડળીમાં ભરાવેલ દૂધના આંકડાની કોમ્પ્યુટર પ્રિન્ટ ઉપર સ્થાનિક દૂધ મંડળીના પ્રમુખ / મંત્રી ના સહી સિક્કા સાથે અરજીમાં તેનું બિડાણ કરવાનું રહેશે. આ સાથે, લાભાર્થીએ બે દૂધ ઉત્પાદકોની ગેરંટી (બાંહેધરી) આપવી પડશે. નોંધનીય છે કે ; દૂરડાની આ પશુ લોનમાં એક વ્યક્તિ એક જ લોનની બાંહેધરી આપવા માટે માન્ય ગણાશે. દૂરડા દ્વારા આપવામાં આવતી આ પશુ લોન ની મર્યાદા ૨૪ માસ એટલે કે બે વર્ષની રહેશે. જેમાં, ૯ % ના વ્યાજ દરે ભેંસ લોનનો ૧૦ દિવસનો હપ્તો રૂા.૧૫૨૩ અને ગાય લોનનો ૧૦ દિવસનો હપ્તો રૂા.૧૧૪૨ રહેશે. આ લોન દ્વારા ગાય - ભેંસની ખરીદી વખતે ૧૦% રકમ લાભાર્થીએ ભરવાની રહેશે. જ્યારે બાકીની ૯૦% રકમની લોન દૂરડા તરફથી મળવા પાત્ર રહેશે.

આ પશુલોન યોજના અંતર્ગત ગાય - ભેંસની ખરીદી બાદ મહેસાણા દૂધ સંઘના વેટરનરી ડૉક્ટર દ્વારા પશુ તંદુરસ્તીનું પ્રમાણપત્ર તેમજ આ ગાય - ભેંસ મહેસાણા દૂધ સંઘના કાર્ય વિસ્તાર બહારથી ખરીદાયેલ છે તેવું પ્રમાણપત્ર વેટરનરી ડૉક્ટર દ્વારા જાત તપાસ અને સ્થળ ચકાસણી બાદ આપવામાં આવશે અને ત્યારબાદ ટેગ લગાવવામાં આવશે. દૂરડા પશુ લોનના લાભાર્થીએ ખરીદેલ તમામ પશુઓનો દૂધસંઘ / દૂરડા ના નિયમ મુજબ વિમો લેવો ફરજીયાત છે. પશુ વિમાનું ફોર્મ સહી સિક્કા અને જરૂરી વિગતો સાથે ભરી આપી દૂરડાના તરફેણ સાથેની વિમાની પોલીસી આધાર પૂરાવા સાથે લાભાર્થીએ આપવાની રહેશે. દૂરડા પશુલોન અંગે ઉત્સાહિત પશુપાલકે લોન અંગેની અરજી કર્યા બાદ તેને મંજૂરી મળતા દૂધસાગરના CS વિભાગ મારફતે લોન મંજૂરી પત્રકની નકલ સાથે પોતાના પાસપાર્ટ સાઈઝના બે ફોટા, લાભાર્થીનો એક કોરો ચેક, બે ગેરંટી (બાંહેધરી) આપનાર વ્યકિતઓના નામ - રહેઠાણ - ઓળખ અંગેના દૂધ મંડળી દ્વારા પ્રામાણિત પૂરાવા, બાંહેધરી આપનાર વ્યક્તિઓના બે કોરા ચેક, દૂધ બિલમાંથી હપ્તાની રકમ કપાત કરવા માટે દૂધ મંડળીના ઠરાવની નકલ, દૂધ મંડળીનો અધિકાર પત્ર, રૂા. ૩૦૦ ના સ્ટેમ્પ ઉપર (નોટરી સાથે) લાભાર્થીનો અધિકાર પત્ર તથા બાંહેધરી આપનાર બે વ્યક્તિઓના સ્ટેમ્પ ઉપર અધિકાર પત્રક, પશુ વિમાનું સહી સિક્કા સાથેનું ફોર્મ અથવા દૂરડા તરફેણ સાથેની વિમાની પોલિસી, લોન મળ્યા અંગેની રેવેન્યૂ સ્ટેમ્પ સાથેની પાવતી અને વેટરનરી ડૉક્ટરનું પ્રમાણપત્ર, જિલ્લા બહારથી પશુ ખરીદાયું છે તેની બાંહેધરી તથા લાભાર્થીએ વીસ કે તેથી વધુ પશુઓની લોન લીધી હોય તો છેલ્લા બે વર્ષના IT રીટર્નની નકલ આપવાની રહેશે.

લાભાર્થીની તમામ વિગતોની ચકાસણી બાદ એકાઉન્ટ વિભાગ દ્વારા લોનની રકમ દૂધ મંડળીના ખાતામાં આપવામાં આવશે અને આ રકમ જે તે દૂધ મંડળીએ તાત્કાલિક લાભાર્થીને ચૂકવી આપવાની રહેશે તેમજ વિમાની રકમ લાભાર્થીના દૂધ બિલમાંથી હપ્તા સ્વરૂપે કરવામાં આવશે. હપ્તો ચૂકવવામાં લાભાર્થી સાથે કોઈ આર્થિક વિવાદ ઉભો થશે તો ગેરંટી આપનાર પાસેથી હપ્તો વસુલ કરવામાં આવશે. બાંહેધરી આપનાર આ બાબતે આનાકાની કરશે તો મંડળી દ્વારા દૂરડાને જાણ થતાં કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. દૂરડા પશુ લોન અંગે વધુ વિગતની માહિતી માટે દૂરડા દ્વારા **ડૉ.હિરાભાઈ એલ. પટેલ (મો.૮૧૨૮૬૭૩૯૧૮)** નો સંપર્ક કરવાનું જણાવાયું છે.

## નિલકંઠ (શિવ) પાસેથી આપણે જગતના ઝેર પચાવવાની કલા શીખવાની છે : અશોક ચૌધરી

### વિહાર શીતકેન્દ્ર પાસે હવે શિવલીંગનું સાનિધ્ય



તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરીના વિહાર દૂધ શીત કેન્દ્ર દ્વારા અહીં વર્ષોથી પૂજાતા ભગવાન શિવના મંદિરમાં ત્યાંના કર્મચારીઓ દ્વારા શિવલીંગ પ્રસ્થાપિત કરવાના શુભ પ્રસંગે દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ હાજરી આપી હતી. વિહાર શીતકેન્દ્રમાં સ્થાપિત આ શિવલીંગની પૂજા અર્ચના બાદ સંસ્થાના ચેરમેનશ્રી.એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ભગવાન શિવનું નિલકંઠ સ્વરૂપ યાદ કરી - આપણે પણ શિવજીની જેમ જગતના ઝેર ગળામાં અટકાવી - સહન શક્તિની પરાકાષ્ઠા કરી - સંસ્થાના શુભ હેતુ માટે કામ કરવું પડશે તેવી માર્મિક ટકોર કરી કર્મચારીઓના હૃદયમાં સંસ્થા પ્રત્યેની શુભ લાગણીને જાગૃત કરી હતી. આ પ્રસંગે તેઓએ વિહાર શીત કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાર્તાલાપ કરી આ કેમ્પસ અંગેની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે દૂધસાગર ડેરીના નિયામક મંડળના સદસ્ય શ્રી. કનુભાઈ ચૌધરી અને યોગેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતી રહી હતી.



ભારત સરકારના ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી.અમિતભાઈ શાહ સાહેબની તાજેતરની ગુજરાત મુલાકાત દરમ્યાન તેઓ ગાંધીનગર ખાતે અમૂલ ફેડ ડેરી ખાતે અત્યાધુનિક ઓર્ગેનિક લેબોરેટરીના શુભારંભ પ્રસંગે પહોંચ્યા ત્યારે દૂધસાગર ડેરીના કર્તવ્યનિષ્ઠ ચેરમેન અને ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રભારીની જવાબદારી નિભાવતા શ્રી.અશોકભાઈ ચૌધરીએ પુષ્પગુચ્છ થકી આવકાર આપી - સહકારી મંત્રીને મહેસાણા, પાટણ, ઊંઝા ખાતે શરૂ કરવામાં આવેલ સાગર ફ્રેશ રીટેલ શોપથી વાકેફ કર્યા હતા તેમજ કેન્દ્રિય ગૃહમંત્રી સાથે હળવાશની પળો વિતાવી હતી તેનું એક હૃદયસ્પર્શી દ્રશ્ય.

## આવા હતા આપણા મોતીબાપુ !!




### મોતી જેવું મૂલ્યાંકન

### દરેક વિષયના મર્મને પારખનાર માણસ હતા

મોતી વીંધાય છે પણ જે પહેરે છે તેને શોભા આપે છે તેમ મોતીભાઈ સમાજના સુખદુ:ખથી વીંધાય છે અને સમાજમાં જ્યાં જાય ત્યાં શોભા આપે છે. (દ્વારકાદાસ જોશી)

વર અને કન્યાના લગ્ન નાના વયે થાય તે વાત મોતીભાઈ માનતા નહોતા. એમનાં પોતાના લગ્ન ખૂબ નાની વયે થયેલા જ્યારે આ બાબતે સાચી સમજ આવી ને વિચાર પાકા થયા ત્યારથી તેનો અમલ શરૂ કરેલો. નાનાભાઈ બળદેવભાઈના બાળ લગ્નમાં તેઓ ગયા નહોતા. એવી રીતે તેમના પુત્રની લગ્ન વયમાં બે ત્રણ માસ ઓછા હતા. મોતીભાઈ પુત્રના લગ્નમાં તો ગયા પણ માંડવે જમવા ન બેઠા અને પોતાના મિત્ર કનુભાઈ ચૌધરીના ઘરે જમ્યા. તેમની બે દિકરીઓ - હીરાબેન અને મણીબેનને પુરી લગ્નવયે જ તેમણે પરણાવેલી. મોટા જમાઈને બા નહોતા માત્ર બાપા હતા અને નાના જમાઈને બાપા નહોતા માત્ર બા હતા. પણ બંને જમાઈ બી.એસ.સી ભણેલા અને સુશીલ હતા મોતીબાપુ માટે એટલું પૂરતુ હતું. બીજા નંબરના પુત્ર મોહનભાઈના લગ્ન વખતે તેઓ ગુજરાત સરકારના બાંધકામ મંત્રી હતા છતાં તેમણે કંકોત્રી છપાવી નહોતી કોઈ મંત્ર કે સરકારના કોઈ અધિકારીને પણ લગ્નમાં નોંતરું આપ્યું નોહતું. જાતે પોસ્ટકાર્ડ લખી સગા વહાલાં અને મર્યાદિત મિત્ર વર્તુળને બોલાવ્યું હતું અને મોહનભાઈની જાન વેવાઈના આંગણે એક જ ટંક સુધી રોકાઈ હતી. કદાચ, સમાજમાં આ પહેલી સુધારાની ઘટના હતી. પોતાની મોટી દિકરી હીરાબેનના લગ્ન વખતે રાત્રીના લગ્નના બદલે દિવસના લગ્ન રાખેલ અને એક ટંક જમાડીને પછી જાનને વળાવેલી. આ નવા ચીલાનો એ જમાનામાં ખૂબ વિરોધ અને ટીકાઓ થયેલી પણ એમ ગભરાય તો મોતીભાઈ શાના ? નાની દિકરી અરુણાબેનનું લગ્ન મોતીભાઈએ તેમના ગોળ બહાર ખેરાલુ તાલુકાના બળાદ ગામે કર્યુ તેનો વિરોધ ખૂબ થયો - નજીકના મિત્રો પણ નારાજ હતા પરંતુ, આ નિર્ણયમાં મોતીભાઈના ધર્મપત્ની મોંઘીબેન સંમત હતા પછી તો સુધારાવાદી મોતીભાઈને કોણ રોકી શકે ?

(નરોત્તમભાઈ પટેલ)

# સરકારનો સહકાર




ગુજરાતની ભૂપેન્દ્રભાઈ પટેલની રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અનેક પ્રકારના લાભો અને સેવા આપવા માટે તાજેતરમાં આઈ-પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારે ખેતી, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, જમીન અને જળ સંરક્ષણ માટે ઘણી યોજનાઓ આ પોર્ટલના માધ્યમથી શરૂ કરી છે. આ તમામ યોજનાઓ વિશેની માહિતી આઈ - પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. દૂધસાગર પત્રિકા સાથે જોડાયેલા લાખો પશુપાલકો અને ખેડૂતો આ માહિતીથી વાકેફ બને અને સરકારની આ યોજનાનો લાભ મેળવી શકે તે માટે આજે આઈ ખેડૂત પોર્ટલ અંગેની વિસ્તૃત માહિતી મુકી રહ્યા છીએ.

## i-ખેડૂત પોર્ટલનો હેતુ

આઈ - ખેડૂત પોર્ટલ યોજનાનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યના તમામ ખેડૂતોને સરકારી યોજનાઓનો લાભ આપવાનો છે. આ પોર્ટલ દ્વારા ખેડૂતો કોઈપણ યોજના માટે સરળતાથી ઓનલાઈન અરજી કરી શકે છે અને અરજીની સ્થિતી પણ ચેક કરી શકે છે. ખેડૂતોએ આ યોજનાનો લાભ લેવા કે અરજી કરવા માટે કોઈપણ સરકારી ઓફિસ જવાની જરૂર રહેશે નહિ. કોઈપણ ગુજરાતનો ખેડૂત આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા કોઈપણ યોજના માટે પોતાની નિશુલ્ક નોંધણી કરાવી શકે છે.

## i-ખેડૂત પોર્ટલના લાભો

ગુજરાતના ખેડૂતોના કલ્યાણ માટે શરૂ કરવામાં આવેલી આઈ-ખેડૂત પોર્ટલનો લાભ સમગ્ર ગુજરાતના ખેડૂતોને થવાનો છે. આ યોજના માટે અરજી કરવા કે લાભ લેવા માટે ખેડૂતે કોઈ સરકારી ઓફિસે જવાની જરૂર નથી. આનો લાભ રાજ્યના ખેડૂતો કોઈપણ સમયે ઘરે બેઠાં ઓનલાઈન યોજના સબંધિત તમામ માહિતીઓ મેળવી શકશે.

## i-ખેડૂત પોર્ટલની પાત્રતા

આ યોજનાનો લાભ લેનાર ખેડૂત ગુજરાતનો કાયમી નિવાસી હોવો જોઈએ. અરજદારનો મુખ્ય વ્યવસાય ખેતી હોવો જોઈએ. ખેડૂત પાસે આધાર કાર્ડ હોવું ફરજિયાત છે તથા ખેડૂતનું બેંક ખાતું હોવું પણ ફરજિયાત છે. ખેડૂતના દસ્તાવેજો ચેક કર્યા બાદ જ યોજનાનો લાભ મળી શકે તેવી જોગવાઈ હોવાથી તમામ સાચા દસ્તાવેજોની વિગતો આપવી આવશ્યક છે.

## i-ખેડૂત પોર્ટલના જરૂરી દસ્તાવેજો

આ પોર્ટલ આધારિત યોજનાના લાભ લેવા અને આ પોર્ટલમાં ખેડૂતની નોંધણી કરાવવા માટે અરજદારનું આધારકાર્ડ, ઓળખપત્ર, બેંક એકાઉન્ટની પાસબુક અને અરજદાર ખેડૂતના પાસપોર્ટ સાઈઝના ફોટોની જરૂરીયાત હોય છે.

## i-ખેડૂત પોર્ટલની યોજનાઓ

ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ આઈ-ખેડૂત પોર્ટલ ઉપર વિવિધ ખેતીવાડીની યોજનાઓ, પશુપાલનની યોજનાઓ, બાગાયતી યોજનાઓ, મત્સ્ય પાલનની યોજનાઓ તથા ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ સાથે સંલગ્ન બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે, આત્માની પ્રાકૃતિક કૃષી યોજનાઓ, ગોડાઈન સ્કીમ - ૨૫% કેપીટલ સબસિડી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગુજરાતની સહાયકારી યોજનાઓ, સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન આપવા માટેની યોજનાઓ તથા ધિરાણ સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવાની સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## i-ખેડૂત પોર્ટલ યોજના ની વિગતો

**પાણીના ટાંકા બનાવવાની સહાય યોજના :** ટપક સિંચાઈ મારફ્ત પાણીના કરકસરયુક્ત ઉપયોગ માટે પાણીના ટાંકા બનાવવાની સહાય યોજનામાં લાભાર્થીને ખર્ચના ૫૦% અથવા ૯.૮૦ લાખ બે માંથી ઓછું હોય તે ચૂકવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સહાય મેળવવા ઓછામાં ઓછા ૭૫ ઘનમીટરના પાણીના ટાંકા બનાવવાના રહેશે **સ્માર્ટ ફોનની ખરીદી ઉપર સહાય :** સ્માર્ટ ફોનની ખરીદ કિંમતના ૪૦% સહાય અથવા રૂા.૬૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે મળશે **૧ થી ૨૦ દૂધાળાં પશુ એકમની સ્થાપના માટે સહાય :** પશુ એકમની કિંમત અથવા બેંક પશુ ખરીદી કરવા એકમ દીઠ કરેલ ધીરાણ બંને માંથી ઓછું હોય તેના ઉપર બેંકે ગણેલ વ્યાજ અથવા વધુમાં વધુ ૧૨% સુધી વ્યાજ પાંચ વર્ષના સમયગાળા માટે મળવાપાત્ર થશે **કાંકરેજ અને ગીર ગાયના ડેરી ફાર્મની સ્થાપના માટે સહાય :** પશુ ખરીદીના બેંક દ્વારા કરેલ ધીરાણ અથવા નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ બેમાંથી જે ઓછું હોય તે, ડેરી ફાર્મ બાંધકામના ૫૦% અથવા રૂા.પાંચ લાખ બેમાંથી ઓછું હોય તે, પશુ વિમાની રકમમાં સહાય, ઈલેક્ટ્રિક ચાફ કટરમાં સહાય, ફોગર યુનિટમાં સહાય, મિલ્કીંગ મશીનમાં સહાયની યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. **દૂધઘર માટે સહાય :** રૂા.દશલાખ સુધીના બાંધકામ અથવા વાસ્તવિક દૂધઘરના બાંધકામનું ખર્ચ બંને માંથી ઓછું હોય તેના ઉપર ૫૦% ની વધુમાં વધુ રૂા.પાંચ લાખ સુધીની સહાય આપવામાં આવશે **દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ગોડાઉનની સહાય :** રૂા.દશલાખ સુધીના બાંધકામ અથવા વાસ્તવિક ગોડાઉનના બાંધકામનું ખર્ચ બંને માંથી ઓછું હોય તેના ઉપર ૫૦% ની વધુમાં વધુ રૂા.પાંચ લાખ સુધીની સહાય આપવામાં આવશે **કુત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહક યોજના :** સ્થાનિક ઓલાદની ગાયમાં કુત્રિમ બીજદાન દ્વારા જન્મેલ શુધ્ધ દેશી ઔલાદની વાછરડીના પશુપાલક દીઠ એક વાછરડી માટે પ્રતિવર્ષ એક વખત રૂા.૩૦૦૦ મળવાપાત્ર સહાય રાખવામાં આવી છે **સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળાં પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય :** ફરજીયાત ૧૨ દૂધાળાં પશુઓની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર પાંચ વર્ષ સુધી સામાન્ય કેટેગરીના લાભાર્થીઓને ૭.૫% વ્યાજ સહાય, મહિલા-અનુ.જાતિ અને અનુ.જનજાતિના લાભાર્થીઓને ૮.૫ % વ્યાજ સહાય, ગીર/કાંકરેજ ગાય માટે મહત્તમ ૧૨% વ્યાજ સહાય, કેટલશેડના બાંધકામ ઉપર ૫૦% અને મહત્તમ ૧.૫૦ લાખ સહાય, પશુઓના વીમા માટે સહાય, ખાણદાણ માટે સહાય જેવી યોજનાઓથી ગુજરાતના પશુપાલકો અને ખેડૂતો સમૃધ્ધિ તરફ આગળ વધે એનું ઉત્તમ માધ્યમ એટલે આઈ-ખેડૂત પોર્ટલ.

# દૂધસાગરનું ગ્રામીણ બજાર એના... સર્વોચ્ચ શિખરે

**અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં નવા નિયામક મંડળના સૂચનો અને સંસ્થાના MD શ્રી.ધીરજકુમાર ની કવાયત રંગ લાવી - વહિવટીય ખર્ચ ઓછો અને વેપાર વધુ - દૂધસાગર ડેરીનું ગ્રામીણ બજાર આ વર્ષમાં 57 કરોડ રૂપિયાને પાર...**



દૂધસાગરના ગ્રામીણક્ષેત્રની મૂલાકાતે અમૂલના શ્રી. જયેન મહેતા

વર્ષ 2021 પહેલાં દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવો ના મળવાને કારણે ખાનગી ડેરીઓએ સ્થાનિક ઉત્પાદન સાથે - આપણા જ વિસ્તારમાં સ્થાનિક વેચાણ બજાર ઉભું કરી આપણો જ માલ આપણને પધરાવી નફો રળવાનો અજગર ભરડો લેવામાં સફળતા મેળવી હતી. દૂધસાગર ડેરીમાં નવા નિયામક મંડળના આગમન બાદ ખાનગી ડેરીઓના આ આધિપત્યને સમાપ્ત કરવું લાખો પશુપાલકોના હિત માટે ખૂબ જરૂરી હતું. આ સમસ્યા - આ પડકારનો સામનો કરવા એક ચોક્કસ રણનિતી અખત્યાર કરવામાં આવી અને એના ભાગરૂપે અમૂલ ફેડરેશનના હાલના ઈન્ચાર્જ MD શ્રી. જયેનભાઈ મહેતાના માર્ગદર્શન નીચે દૂધસાગર ડેરીના MD શ્રી સહિત ઉચ્ચ અધિકારીઓએ દૂધસાગરના ગામડાઓમાં ટેન્કર દ્વારા પ્રવાસ કરી - ગ્રામીણ બજાર અંગે અભ્યાસ કર્યો અને શરૂ થઈ તા.19/10/2021 ના રોજ દૂધસાગરના ગ્રામીણ બજારની શરૂઆત.....

દૂધસાગર ડેરીના 63 વર્ષના ઈતિહાસમાં સૌ પ્રથમવાર દૂધસાગર ડેરીના નિયામક મંડળ દ્વારા મહેસાણા મિલ્કશેડમાં આવતા ગામડાઓ સુધી (જૂના મહેસાણા જિલ્લામાં) તાજુ દૂધ, દહીં અને છાશ પહોંચાડવાની કામગીરી સંઘ દ્વારા હાથ ધરવામાં આવી. જેની શરૂઆત ઓક્ટોબર 2021 ની 19 તારીખથી શરૂ કરી ત્યારે દૈનિક સરેરાશ 3459 લિટર માલ સાથે 135 ગામડાઓમાં દૂધસાગર ડેરીએ પ્રવેશ લીધો ત્યારે પ્રથમ દિવસે માત્ર 116 લિટર દૂધ અને છાશનું વિતરણ નોંધાવા પામ્યું હતું. પરિસ્થિતિ અને પડકારો સામે ઝૂકી ના જવાની દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીની કૂનેહ અને માર્ગદર્શન હેઠળ દૂધસાગરનો સેલ્સ વિભાગ વિપરીત પરિસ્થિતિઓમાં પણ અડગ અને અકબંધ ઉભો રહ્યો. જે ગામમાં માત્ર પાંચ - દશ થેલી દૂધ અથવા છાશ વેચાતી હોય ત્યાં પણ નિયમીત દૂધની ગાડી મોકલવાનું નિશ્ચિત કરાયું. શરૂઆતના તબક્કે આ વિતરણ વ્યવસ્થામાં પ્રતિ લિટરે રૂા.6.54 પૈસાનો ખર્ચ પડતો હતો જેના કારણે, આ પરિસ્થિતિમાં દૂધસાગરની ગ્રામીણ બજારની આ વ્યવસ્થા ટકી શકશે કે કેમ ? એ એક યક્ષપ્રશ્ન બની સૌને સતાવી રહ્યો હતો. દૂધસાગરનો વિશ્વાસ - અમૂલની બ્રાન્ડ અને વેપારીઓ તથા ગ્રાહકોને નિયમિત મળતી સેવાઓ આખરે રંગ લાવી અને 135 ગામડાઓથી શરૂ થયેલ આ સેવા આજે ૫૯ જુદા-જુદા રૂટો દ્વારા 648 ગામડાઓમાં નિયમિત અમૂલ દૂધ, દહીં તથા છાશ, અમૂલ મોતી દૂધ અને પનીરની વેચાણ વ્યવસ્થા ગોઠવવામાં સફળ રહી છે. આ વિતરણ વ્યવસ્થા ઊભી કરવા સમયે દૈનિક 50 હજાર લિટર દૂધ-દહીં - છાશનું વિતરણ થાય તેવું લક્ષ રાખવામાં આવ્યું હતું. પરંતુ, દૂધસાગર ડેરીના કર્તવ્યનિષ્ઠ અધિકારીઓ - કર્મચારીઓ અને ડિલરોની મહેનત રંગ લાવી અને એપ્રિલ 2023 માં આ લક્ષાંકને પાર કરી દૈનિક 53666 લિટર વેચાણ કરવામાં દૂધસાગર ડેરીના સેલ્સ વિભાગને ભારે સફળતા મળી.

અડગ મનના માનવીને હિમાલય નથી નડતો - આ સૂક્તિ નું સર્જન જાણે દૂધસાગર ડેરી માટે થયું હોય તેમ ખાનગી ડેરીઓના ઘૂસપેઠને રોકવામાં આપણી ડેરી સતત સફળ થતી રહી અને, ગત 2022/2023 ના વર્ષમાં આપણું ગ્રામીણ બજારમાં 71,51,513 લિટર દૂધ વેચી 40,03,85,717 કરોડ રૂપિયાનો વેપાર કર્યો, 62,11,442 લિટર છાશ વેચી 2,15,48,27,622 કરોડ રૂપિયાનો વેપાર કર્યો, 2,05,762 લિટર દહીંનો વેપાર કરી રૂપિયા 1,38,37,683 મેળવવામાં સફળ રહીં. એજ પ્રમાણે, 25857 લિટર અમૂલ મોતીનું વિતરણ કરી 14,96,401 રૂપિયાનો વેપાર તથા 1972 KG પનીરનો વેપાર કરી 6,51,014 રૂપિયા મેળવી શકી. આ રીતે વર્ષ 2022/23 માં **દૂધસાગર ડેરીએ આપણા જ વિસ્તારમાં સ્થાનિક ગ્રામીણ બજાર ઉભું કરી કુલ 1,35,96,546 કરોડ લિટર માલનું વિતરણ કરી કુલ 57,11,98,437 કરોડનો સ્થાનિક વેપાર કરવામાં સફળતા મેળવી - વિતરણ વ્યવસ્થાના ઉત્તમ માપદંડો સાથે સફળતાનું ગૌરી શિખર પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ છે.** એટલું જ નહીં - આ સ્થાનિક વિતરણ વ્યવસ્થાની શરૂઆતમાં દૂધસાગર ડેરીને દૂધ-છાશ-દહીં-પનીર વગેરેના વેચાણમાં પ્રતિદીન રૂપિયા 6.54 પૈસાનો ખર્ચ (બોજ) પડતો હતો પરંતુ, ધીમી પણ નક્કર ગતિએ આ વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને મજબૂત કરવાના સંસ્થાના MD શ્રી.ના સૂચનો અને જીણવટ ભરેલી નજરના પરિણામે દિવસે - દિવસે આ વિતરણ વ્યવસ્થાના માર્ગો તથા માલ વિતરણનો વધારો સામેલ થતો ગયો તેમ-તેમ વહિવટીય ખર્ચમાં પણ ઉડીને આંખે વળગે તેવો ઘટાડો નોંધાવા પામતો ગયો. આ લખાય છે ત્યારે ; **દૂધસાગરની આ ગ્રામીણ વિતરણ વ્યવસ્થામાં શરૂઆતમાં પ્રતિદીન જે 6.54 રૂપિયાનો ખર્ચ આવતો હતો તે આજે માત્ર 1.26 રૂપિયા આવી રહ્યો છે.** આ વિતરણ વ્યવસ્થામાં પ્રથમ દિવસે માત્ર 116 લિટર માલ વેચાયો હતો તેણે તમામ રેકોર્ડ તોડી હમણાં પ્રતિદિન 74080 લિટર વેચાણ કરવાનો પડકાર પાર કરી ચૂકી છે અને ખાનગી ડેરીઓના આધિપત્યને ખતમ કરી 57 કરોડ રૂપિયાથી પાર પહોંચી ગામડાઓમાં આ વિતરણ વ્યવસ્થાએ લોકોનો વિશ્વાસ અને દૂધસાગરને મજબૂત કરવામાં મહત્વની સફળતા પ્રાપ્ત કરી છે.

## પશુપાલક એ દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે : અશોકભાઈ ચૌધરી

# દૂધના ખરીદભાવમાં વળી રૂપિયા દશનો ભાવવધારો

**650 ના કુલ ભાવવધારા સાથે પશુપાલકને મળશે હવે 800**

**દૂધ ઉત્પાદકોને વાર્ષિક અંદાજે 625 કરોડ વધુ મળતા થશે**



પશુપાલક એ દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે. એ સૂક્તિને સાકાર કરતાં દૂધસાગર ટીમ - 17 એ ગતરોજ એટલે કે ; તા.31 મે ના રોજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટીંગમાં લાખો પશુપાલકોના હિતમાં નિર્ણય લેતાં વધુ એક વાર દૂધના ખરીદભાવોમાં પ્રતિકીલો ફેટે રૂા.10 નો ભાવવધારો જાહેર કરી દૂધના કુલ ભાવની સપાટી રૂા.800 એ પહોંચાડી મહેસાણા - પાટણ અને ગાંધીનગર જિલ્લાના પશુપાલકો માટે જ દૂધસાગર ડેરીનું નિર્માણ થયું છે તે વાતની વધુ એક વખત સાબિતી પૂરી પાડી છે. મહેસાણા દૂધસાગર ડેરીમાં તા.15 જાન્યુઆરી - 2021 ના રોજ સત્તાના સૂત્રો બદલાયા બાદ દૂધના ભાવવધારામાં કુલ રૂા.150 નો વધારો થવા પામ્યો છે. સમયાંત્તરે પશુપાલકોને દૂધના વ્યવસાયમાં અડગ અને અકબંધ ઉભા રાખવા દૂધસાગર ડેરીનું નિયામક મંડળ સતત ચિંતનશીલ અને મનનશીલ ભૂમિકા નિભાવતું રહ્યું છે. **દૂધના ભાવોમાં થયેલ આ કુલ ભાવવધારાના પરિણામે વિસ્તારના પશુપાલકોને અંદાજે વાર્ષિક રૂા.625 કરોડ વધુ મળતા થયા છે.** આ સાથે, ગત સાધારણ સભામાં આ નિયામક મંડળ દ્વારા નફાના સ્વરૂપમાં વહેંચવામાં આવેલા 321 કરોડનો ઐતિહાસીક ભાવવધારો આ બંનેનું સ્નેહમિલન વર્તમાન સમયે દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પશુપાલનના વ્યવસાયને ઉજળી દિશા આપવામાં ભારે સફળ રહ્યું છે. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ સમગ્ર નિયામક મંડળનો પારદર્શી અને કરકસરયુક્ત વહિવટના ફળશ્રુતિ સ્વરૂપ મળી રહેલા આ શુભ પરિણામોને કારણે મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પશુપાલનનો વ્યવસાય દિન - પ્રતિદિન એક આશાવાદ સાથે પોતાનો ભવ્ય ભૂતકાળ પરત મેળવી રહ્યો હોવાનું પશુપાલકો દૂધસાગર પત્રિકાને જણાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ; દૂધસાગર ડેરીના વર્તમાન નેતૃત્વએ પોતાના શાસનની શરૂઆતથી જ પશુપાલકોને દૂધના ભાવમાં સતત વધારો આપવાનું આશ્વાસન અને એકવાર પ્રતિકીલો ફેટે - જે ભાવ સ્થાન પામે તેને ફરી ન ઘટાડવાનું વચન તપસ્વીની ભૂમિકાએ નિભાવી આશરે છ લાખ પશુપાલકોના વિશ્વાસને જીવંત રાખ્યો છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા